# સામાજિક સમરસતા ગુજરાતનું હાર્દ છે : મુખ્યમંત્રી

## ગરો બ્રાહ્મણ સમાજને ગુરૂ બ્રાહ્મણ નામાભિધાન જાહેર કરતાં મુખ્યમંત્રી : ગાંધીનગરમાં યોજાયો ગૌરવશાળી સમારોહ : ગુજરાત અનુસૂચિત જાતિ અતિપછાત વિકાસ નિગમ દ્વારા ૬ કરોડના સાધન-સહાયનું વિતરણ

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે નકારાત્મક ભુમિકા ભુતકાળમાં કરીને વર્ગવિગ્રહના કારસા કરેલા તેની આકરી આલોચના કરી હતી.






સામાજિક સમરસતા ગુજરાતનું હાર્દ છે. નરેન્દ્રભાઈ મોદીએ તત્કાલિન મુખ્યમંત્રી તરીકે સદભાવનાની શકિતથી તેને વિકસાવવાનો સફળ આયામ ઉપાડયો છે.

તેમણે આ સામાજિક સમરસતાના વિરોધીઓએ સમાજ સમાજ વચ્ચે કટૂતા, વોટબેન્કની રાજનીતિ અને જો ને બદલે તો ની

મુખ્યમંત્રીએ ગુજરાત અનુસૂચિત જાતિ અતિપછાત વિકાસ નિગમના ઉપક્રમે ગાંધીનગરમાં અતિપછાત જાતિના લાભાર્થીઓને રૂ.૬ કરોડના વિવિધ સાધન સહાયનું વિતરણ કર્યુ હતું.

વિજયભાઈ રૂપાણીએ સંવેદનાસ્પર્શી વકતવ્યમાં કહ્યું કે, સમાજના હરેક વર્ગ-વ્યકિતમાં સ્વાભિમાન-આત્મવિશ્વાસ જાગે, અતિપછાત-સર્વણ-ઊંચ-નીચ એવા વાડાને બદલે વર્ગવિહિન સમાજ રચના હોય તેવા સંકલ્પ સાથે આ અતિપછાત વિકાસ નિગમનું નવું નામાભિધાન કરવા સરકાર પ્રતિબદ્ધ છે. તેમણે આ અવસરે ગરો બ્રાહ્મણ સમાજને પણ ગુરૂ બ્રાહ્મણ સમાજનું માનવાચક નામાભિધાન આપ્યું હતું. બધા સમાજવર્ગો સાથે મળીને રાજ્ય-રાષ્ટ્રના વિકાસમાં સહભાગી થાય તેવી અમારી શાસન નેમ છે.

તેમણે ડૉ.આંબેડકરની કલ્પનાની સમાજ વ્યવસ્થાની હિમાયત કરતાં જણાવ્યું કે, દલિત-શોષિત-પીડિત વંચિતના કલ્યાણ અને તેમનો સર્વાંગી વિકાસ સાધવા સરકારના તમામ સંશાધનો આ વર્ગોને સમર્પિત છે.

વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે અતિપછાત વિકાસ નિગમ દ્વારા દલિતોના વિકાસ માટેના આ કાર્યક્રમમાં પ્રથમવાર રૂા.૬ કરોડની માતબર રકમની સહાય અપાઈ છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભીમ એપ શરૂ કરીને ડૉ. બાબાસાહેબ આંબેડકરને આંતરરાષ્ટ્રીય મહત્વ આપ્યું છે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સેવાસેતુ અને પ્રગતિ સેવા સેતું કાર્યક્રમ કરીને વ્યકિતગત લોકોને ઘર આંગણે લાભ આપ્યા છે. અનુસૂચિત જાતિના ૧૦૩૮ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન આપી ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ મોકલ્યા છે. અતિપછાત અને દલિત સમાજના વિદ્યાર્થીઓ માટે પાંચ સમરસ હોસ્ટેલ બનાવીને ૧૦,૫૦૦ વિદ્યાર્થીઓને અભ્યાસની સુવિધાઓ આપી છે.

ગાંધીનગર જિલ્લાના ગુલાબપુર અને દોલારાણા વાસણા ગામને મુખ્યમંત્રી દ્વારા સંપૂર્ણ ડિજીટલ વિલેજ જાહેર કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીએ કેશલેસ જનજાગૃતિ વાનનું પ્રસ્થાન પણ આ અવસરે કરાવ્યું હતું.





ગાંધીનગરના પાદરે આવેલ અડાલજ ગામના ખેડૂતોએ પડતર પ્રશ્નો માટે પાટનગર સુધીની પદયાત્રા યોજી હતી. આ પ્રસંગે કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ પણ આ ખેડૂત રેલીમાં જોડાયા હતા.



સેક્ટર-૨૭ પ્રાથમિક શાળાના બાળકોએ મુક્તિધામની મુલાકાત લીધી હતી. મુક્તિધામમાં વિવિધ સંતો - મહંતોની પ્રતિમાઓને વંદન કરી વિગતો મેળવી હતી. આ ઉપરાંત ભારતીય સંસ્કૃતિની પરંપરાની પણ જાણકારી મેળવી હતી.

# ટ્રેન બંધ થતા ડભોડા સહીતના ગ્રામજનોની બસ શરૂ કરવા માંગ

## અમદાવાદ ઉદેપુર ટ્રેન બંધ થતા ગ્રામજનોના વાહન સેવા માટે વલખા અમદાવાદ રૂટની બસ શરૂ કરવા માંગણી

ગાંધીનગર તા ૨

અમદાવાદ ઉદેપુર જતી ટ્રેન બંધ થતા ડભોડા સહીત આસપાસના ગ્રામજનો માટે સમસ્યા સર્જાઇ છે. અમદાવાદ જતી આ ટ્રેઇનમાં ડભોડા સહીત આસપાસના ગ્રામજનો અપડાઉન કરતા હોવાથી હવે ગ્રામજનો માટે વાહન વ્યવ્હારનો પ્રશ્ન સર્જાયો છે. સ્થાનિક ગ્રામજનો દ્વારા અમદાવાદ થી ડભોડા રૂટની બસ સેવા માટે પ્રબળ માંગણી કરવામાં આવી છે. આ વિસ્તારમાં ટ્રેઇન સેવા બંધ થયા બાદ સ્થાનિકોને કોઇ અગવડ ન વેઠવી પડે તે માટે ત્વરિત બસ સેવા શરૂ કરવા માંગ કરાઇ છે.

અમદાવાદ થી ઉદેપુર જતી ટ્રેઈન સેવા બંધ થતા ડભોડા તેમજ આસપાસના ૧૦થી વધુ ગ્રામજનોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ઉદેપુર ટ્રેઈન બ્રોડગેજ લાઈનના કામને લીધે હાલ બંધ કરાતા રોજબરોજ આ ટ્રેઈનમાં અપડાઉન કરતા સ્થાનિક ગ્રામજનોને હવે વાહન સેવા માટે વલખા મારવાનો વારો આવ્યો છે. ડભોડા તેમજ આસપાસના વાંકાનેરડા , વડોદરા લવારપુર,રાયપુર સહીતના ગામોમાંથી અમદાવાદ ટ્રેઈન મારફતે જતા મુસાફરોને હાલાકી વેઠવી પડે છે. જયારે ટ્રેઈન સેવા બંધ થયા બાદ હાલ ગ્રામજનોને બસ માટે વલખા મારવા પડે છે. આવા સંજોગોમાં ગ્રામજનોએ મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.ત્યારે ગ્રામજનોની આ સમસ્યા નિવારવા માટે ત્વરિત અસરથી આ વિસ્તારના મુસાફરો માટે અમદવાદ રૂટની બસસેવા શરૂ કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ મામલે આજે જિલ્લા પંચાયતના તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી.

### બલરામ મંદિર ખાતે સંપૂર્ણ સ્વાસ્થ્ય વિષય પર સેમિનાર યોજાશે

બહાદુરસિંહ સૂચરિયા, માધવપુર (ઘેડ) 'લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય (શારીરિક, માનસિક આધ્યાત્મિક)' અંગે પ્રેકટીકલ અને થીયરીકલ વિશેષ સમજ આપનાર છે. આ નિઃશુલ્ક કાર્યક્રમ તા. ૫-૧-૨૦૧૭ ગુરુવારે સવારે ૮ થી ૯ અને સાંજે ૬.૩૦ થી ૮.૦૦ દરમિયાન બલરામ મંદિર ભોંયતળિયે હોલમાં, સે-૧૨, ગાંધીનગર ખાતે યોજાનાર છે જેનો લાભ લેવા નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

### વાઈબ્રન્ટ માટે પોલીસને સ્માર્ટ પીવીસી આઈ કાર્ડ અપાશે

ગાંધીનગર, તા. ૨

શહેરમાં વાઈબ્રન્ટ સમિટની પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. શહેરને વાઈબ્રન્ટ લૂક આપવા તંત્ર આખુ જોડાઈ ગયું છે. વાઈબ્રન્ટમાં તંત્રના કર્મચારીઓ માટે પણ વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વાઈબ્રન્ટની તમામ બંદોબસ્ત વ્યવસ્થા માટે કરતા પોલીસના અધિકારીઓ કર્મચારીઓ ખાસ અલગ પીવીસી આઈ કાર્ડ આપવામાં આવશે અને બંદોબસ્તની તમામ માહિતી એસએમએસથી સીધી કર્મચારીઓના મોબાઈલ પર આપવામાં આવશે.

### ભાજપા અગ્રણી ગાભાજી ઠાકોરને શ્રદ્ધાંજલી

ગાંધીનગર, તા. ૨

પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ રાજ્ય સરકારના પૂર્વ મંત્રી અને ભાજપાના વરિષ્ઠ આગેવાન ગાભાજી ઠાકોરના આજરોજ થયેલા દુઃખદ અવસાન અંગે ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. વાઘાણીએ જણાવ્યું હતું કે સ્વ. ગાભાજી ઠાકોર વર્તમાનમાં પ્રદેશ કારોબારી સદસ્ય હતા. આ અગાઉ સંગઠન અને સરકારમાં વિવિધ જવાબદારીઓ પછી સામાજિક ક્ષેત્રે અને જાહેરજીવનમાં અવિરત સેવા કરી હતી. તેમના નિધનથી સમાજ જીવનને ખોટ પડી છે તેમ જણાવી તેમના પરિવારને સાંત્વના પાઠવી પ્રભુને પ્રાર્થના કરી હતી કે તેમના આત્માને ચીર શાંતિ અર્પે.

# પાલનપુરમાં નોટબંધી મુદે કૉંગ્રેસ યોજી પત્રકારો સાથે બેઠક, આગામી દિવસોમાં જલદ આંદોલન કરશે...

પાલનપુર સર્કિટ હાઉસ ખાતે કોંગ્રેસ ના આગેવાનો એ પત્રકારો સાથે નોટબંધી મુદ્દે બેઠક યોજી હતી નોટબંધી ના મોદી ના નિર્ણયે દેશ પર અનેક આર્થિક સંકટ લઈ આવ્યું છે તેવા આક્ષેપ કોંગ્રેસ ના આગેવાનો એ પત્રકારો ને સંબોધતા કર્યા હતા.નોટબંધી ના ૫૦ દિવસ બાદ પણ દેશ ના નાગરિકો બેંકો આગળ પોતાના નાણાં લેવા માટે કલાકો સુધી લઈ માં ઉભા રહી ને મુશ્કેલી વેઠી રહયા છે ત્યારે નોટબંધી ના હોમવર્ક માં ભાજપ ની કેન્દ્ર સરકાર નિષ્ફળ નીવડી છે જેથી આગામી સમય માં રાજ્યભર માં પ્રદેશ કોંગ્રેસ દ્વારા ઉગ્ર આંદોલન કરવાની કોંગ્રેસ ના આગેવાનો એ ચીમકી ઉચ્ચારી છે તેમજ પાટીદાર સમાજ ની જેમ થાળી અને વેલણ વગાડી ભાજપ સરકાર સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે। પત્રકારો સાથે ની બેઠક માં રાજસ્થાન કોંગ્રેસ ના આગેવાન ખુસવીરસિંહ, ગુજરાત પ્રદેશ આગેવાન જગદીશ ઠાકોર ,જિલ્લા કોંગ્રસ પ્રમુખ ઝાકીર ચૌહાણ તેમજ જિલ્લા ના ધારાસભ્યો મોટી સંખ્યા માં રહ્યાં હતા.

# ધનુર્માસના પુનિત દિવસોમાં શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન

ધનુર્માસ નિમિત્તે ગાંધીનગરની ધર્મપ્રેમી જનતા માટે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથાનું આયોજન સેકટર-૩-સીના શકિત ચોકમાં ૨જી જાન્યુઆરીથી કરવામાં આવ્યું છે. આ કથા તા. ૮ જાન્યુઆરી સુધી ચાલશે. આ કથાનું આયોજન શકિત મહિલા મંડળના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે કથાના વકતા શ્રી સૌરાષ્ટ્રવાસી કર્મવીર પ.પૂ. શ્રી કીર્તિદાસબાપુ (રામાયણી) રહેશે.

કથામાં પોથીયાત્રા પણ નીકાળવામાં આવશે. જેના મુખ્ય યજમાન કેશવભાઈ ડી. પટેલના નિવાસસ્થાને પ્લોટ નં. ૧૪૭૪/૨, સે-૩-સીથી બપોરના ૧૨.૦૦ વાગે નીકળશે. ભાગવત કથાનો સમય બપોરે ૨ થી ૫ કલાકનો રહેશે.



# ખેડબ્રહ્માના ડાકોર મંદિરમાં ભગવાનને શાલ ઓઢાડી

ખેડબ્રહ્મા શહેરના ડાકોર મંદિરમાં ભગવાન રાધાકૃષ્ણ શિયાળાની ઠંડીથી રક્ષણ માટે શાલ ઓઢાડવામાં આવી હતી.

### ભાવનગરની બહેરાં મુંગા શાળાના બાળકો રાજયપાલશ્રીની મુલાકાત

ગાંધીનગર, તા. ૨

શ્રી શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરા-મુંગા શાળાના વિદ્યાર્થીઓએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

રાજયપાલશ્રી બાળકો સાથે તેમના શિક્ષકના માધ્યમથી વાર્તાલાપ કર્યો હતો. શાળાના સંચાલક તથા શિક્ષકોએ બાળકોને અપાતા શિક્ષણ, ઓડિયોલોજી, સ્પીચ થેરાપી, વ્યાવસાયિક તાલીમ અને પુનઃ સ્થાપન સહિત માહિતી રાજયપાલશ્રીએ આપી હતી. રાજયપાલશ્રીએ શાળાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

### માંગણી ગેરકાયદે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અરજીમાં કોર્ટને કેટલીક દલીલો કરી હતી. સાથે સાથે કોર્ટના હસ્તક્ષેપની માંગ કરી હતી. તેની અરજીમાં કહેવામાં આવ્યુ હતુ કે ધર્મ અને રાજનિતીને મિશ્ર કરી શકાય નહી. બન્નેને અલગ કરવા માટે સીધા આદેશ જારી કરવામાં આવે તેવી માંગ તિસ્તા દ્વારા કરવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે તેનો ચુકાદો બહુમતીમાં આવ્યો છે. ધર્મના આધાર ઉપર મત માંગવા માટેની કોઈપણ અપીલ ચૂંટણી કાયદા હેઠળ ભ્રષ્ટાચારી પ્રવૃત્તિમાં આવે છે. ચીફ જસ્ટીસ ટીએસ ઠાકુરના નેતૃત્વમાં સાત જજની બંધારણીય બેચ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો. ચૂંટણી ગેરરીતિઓ સાથે સંબંધિત શ્રેણીબદ્ધ અરજીઓ પર સુનાવણી ચલાવતી વેળા આ આદેશ આપવામાં આવ્યો હતો. આનો મતલબ એ થયો કે ધર્મ અને જાતિના નામ ઉપર મત માંગી શકાય નહીં. ચૂંટણી પ્રક્રિયામાં ધર્મની કોઈ ભૂમિકા હોવી જોઈએ નહીં.

### પરિવારની ચિંતા છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. કઈ રીતે પૈસાને બચાવી લેવામાં આવે. ત્રીજી પાર્ટી એવી છે કે એવી તાકત લગાવવાના પ્રયાસમાં છે કે પરિવારમાં શું કરવામાં આવે.

પીએમએ કહ્યું હતું કે પ્રજાએ એમ વિચારણા કરવી જોઈએ કે આ પાર્ટીઓ ઉત્તરપ્રદેશને બચાવવાની સ્થિતિમાં છે. ઉત્તરપ્રદેશની જનતા ગુંડાગર્દીને ખતમ કરવાની એક તક ભાજપને આપે તે હવે સમય આવી ગયો છે. રેલીમાં એકત્રિત લોકોનો મોદીએ આભાર માન્યો હતો અને કહ્યું હતું કે ઘણા વર્ષોથી તેઓ રાજનીતિમાં છે. ભાજપના રાષ્ટ્રીય સ્તર પર સંગઠનના કાર્ય કરવાની તક મળી છે. મુખ્યમંત્રી તરીકે સેવા કરવાની તક મળી હતી. અઢી વર્ષથી વડાપ્રધાન તરીકે સેવા કરવાની તક મળી છે પરંતુ ક્યારેય પણ આટલી મોટી રેલી કરવાનું સૌભાગ્ય મળ્યું નથી. મોદીની વર્ષ ૨૦૧૭ની પ્રથમ રેલી હતી. મોદીએ ઉમેર્યું હતું કે ભારતનું ભાગ્ય બદલવા માટે પ્રથમ શરત એ છે કે ઉત્તરપ્રદેશના ભાગ્યને બદલવામાં આવે. ભારતને આગળ વધારવા માટે ઉત્તરપ્રદેશ આગળ વધે તે સૌથી મહત્વપૂર્ણ છે. મોદીએ લોકોને અપીલ કરતા કહ્યું હતું કે એક વખત તેઓ પોત પોતાના અને જાતિવાદથી ઉપર ઉઠીને મત આપે તે જરૂરી છે.

### દૂર કરાયા.... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કે તે એક એવો પત્ર જારી કરે જેમાં લખવામાં આવે કે લોધા પેનલની ભલામણોને અમલી કરવાથી બોર્ડની કામગીરીમાં અડચણો ઉભી થશે. આ ચુકાદો આવ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા જસ્ટીસ લોધાએ સુપ્રિમ કોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યુ હતું. જસ્ટીસ લોધાએ કહ્યું હતું કે કોર્ટને બોર્ડના ચુકાદાનો સ્વીકાર કરવાનો રહેશે. તેમણે એમ પણ કહ્યું હતું કે આ ક્રિકેટની જીત છે. ખેલ વહીવટી તંત્ર તો આવતા જતા રહેશે પરંતુ ખેલ સૌથી મોટી અને સર્વોચ્ચ બાબત તરીકે છે તેનું સન્માન થવું જોઈએ. જસ્ટીસ આરએમ લોધા કમિટીએ બીસીસીઆઈમાં ધરખમ સુધારા કરવા માટેની ભલામણ કરી હતી. સુપ્રિમ કોર્ટે નવા ધારા ધોરણોને પહોંચી વળવામાં નિષ્ફળ રહેલા તમામ બોર્ડ અને તેના રાજ્ય એસોસિએશનના હોદ્દાદારોને પણ ગેરલાયક ઠેરવી દીધા છે. સુપ્રિમ કોર્ટ બીસીસીઆઈના ટોચના હોદ્દેદારોને બદલી દેશે. વહીવટીદારોની નવી પેનલની રચના કરવામાં આવશે. સુપ્રિમ કોર્ટ દ્વારા ૧૯મી જાન્યુઆરીના દિવસે આ સંદર્ભમાં કોઈ યોગ્ય નિર્ણય કરવામાં આવી શકે છે.

### કાતિલ ઠંડી.... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સેવા પર અસર થઈ છે. દિલ્હીમાં ધુમ્મસના કારણે ૧૦ સ્થાનિક અને આઠ ઈન્ટરનેશલ ફલાઈટના સમયમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. જેથી લોકો જુદી જુદી જગ્યાએ અટવાયા છે. ઠંડીના કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે. ટ્રેનો લેટ થવા અને ફલાઈટોમાં વિલંબ થવાના કારણે લાખોના સંખ્યામાં લોકો જુદી જુદી જગ્યાએ અટવાઈ પડ્યા છે. ઉત્તર ભારતના વિવિધ ભાગોમાં ધુમ્મસના કારણે વાહન વ્યવહારને પણ માઠી અસર થઈ છે. છેલ્લા ઘણા દિવસથી ધુમ્મસની સ્થિતી જોવા મળી રહી છે. સમગ્ર ઉત્તર ભારતમાં છેલ્લા એક સપ્તાહથી પણ વધુના સમયથી ધુમ્મસની ચાદર છવાયેલી જોવા મળી છે જેને લઈને દિલ્હી, એનસીઆર, નોઈડા સહિત છેક ઉત્તર પ્રદેશ સુધી પણ તેની અસર જોવા મળી રહી છે. દિલ્હી વિમાની મથકે આજે સવારે ધુમ્મસની સ્થિતીને કારણે ભારે તકલીફનો સામનો કરવો પડ્યો હતો. ફલાઈટના સમયમાં ફેરફાર કરવાની ફરજ પડી હતી. જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં તાપમાન માઈનસમાં પહોંચી જતા જનજીવન પર અસર થઈ છે. બીજી બાજુ ઉત્તર ભારતમાં ધુમ્મસના કારણે કેટલીક જગ્યાએ અકસ્માતો પણ થયા હોવાના હેવાલ મળ્યા છે.

### ધિરાણ દર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પદ્ધતિ અપનાવે છે. માર્કેટમાંથી ઈરાદા સાથે રિઝર્વ બેંક આ હિલચાલ હાથ ધરે છે. ડ્યુરેબલ આધાર ઉપર રૂપિયાની લિક્વિડિટી સ્થિતિને વ્યવસ્થિત કરવાના હેતુસર આ હિલચાલ હાથ ધરવામાં આવી છે. એપ્રિલ-સપ્ટેમ્બર સ્લેક સિઝનમાં ૫૦-૭૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવી શકે છે. નોટબંધીના પરિણામ સ્વરૂપે બેંક ડિપોઝીટમાં ઉલ્લેખનિય રીતે વધારો થયો છે. સાથે સાથે ઉપાડ મર્યાદિત થઈ છે. બ્લેકમનીની રકમ બેન્કીંગ ચેનલમાં પહોંચી રહી છે. સ્થિતિ સામાન્ય બન્યા બાદ એવો અંદાજ છે કે બેંક ડિપોઝીટનો આંકડો ખૂબ ઊંચો રહી શકે છે. એસબીઆઈ, પીએનબી, યુનિયન બેંક, દેના બેંક દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારના દિવસે ગરીબ અને મધ્યમ વર્ગને ધ્યાનમાં લઈને તેમના ધિરાણ દરને પ્રાથમિકતા આપવા બેંકોને સૂચના આપ્યા બાદથી ૯૦ બેઝીક પોઈન્ટ સુધીનો ઘટાડો કરી ચુકી છે. આ તમામ બેંકોએ ધિરાણ દર ઘટાડવા માટે કેટલાક કારણો આપ્યા છે. બેંકોએ તેમના ધિરાણ દર ઘટાડવાની શરૂઆત કરી છે.

### બિમારીનું પ્રમાણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સંદર્ભ પાત્ર ૪૬૪ બાળકો પૈકી ૨૭૧ સંદર્ભસેવા આપી દેવામાં આવી છે.

જિલ્લાના બાળકોમાં આંખની બિમારીથી પિડાતા ૧૦૨૯, દાંતની બિમારીથી પિડાતા ૨૪૭૭, ચામડીના રોગોથી પિડાતા ૮૫૦ તેમજ શરીરની સ્થૂળતા ધરાવતા ૬ બાળકો અત્યાર સુધીની ચકાસણીમાં મળી આવ્યા છે.

આ ચકાસણી દરમ્યાન ૬૦ જેટલા નાના બાળકો તમાકુનું સેવન કરતા જણાયા છે. જેને તંત્ર સૌથી વધુ ગંભીર લેખી રહ્યું છે.

જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યા પણ મોટી જણાઈ આવી છે. જિલ્લાની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાં જે બિમારીનું પ્રમાણ જોવા મળી રહ્યુ છે તે ચિંતાજનક હોવાનું તંત્રના સૂત્રો નહિ લખવાની શરતે સ્વીકારી રહ્યા છે.

જિલ્લામાં શ્વસનતંત્રના રોગ શાદી ખાંસીથી પિડાતા બાળકોની સંખ્યા પણ મોટી જણાઈ છે. જિલ્લાનું બાળપણ જે બિમારીમાં સપડાયુ હોવાથી હવે સ્વસ્થ સમાજ રચના માટે અલગથી વ્યુરચના તૈયાર કરવી પડશે તેમ મનાઈ રહ્યુ છે.

### ઝળહળ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે મહાત્મા મંદિરના વિસ્તારમાં પણ રોશનીની જાકમજોળ જોવા મળશે. ચ-માર્ગ પર સ્થિત વિધાનસભાના બિલ્ડીંગને પણ રોશની કરવામાં આવશે. સરકારી કચેરીઓના બિલ્ડીંગોને રોશની કરવા ઉપરાંત નગરના વિવિધ માર્ગો પર સ્થિત સર્કલોને પણ રોશનીથી સુશોભિત કરવામાં આવશે. જેના લીધે માર્ગોની રોનક વધુ નિખરશે.

### ટ્રીમીંગ કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠેકાણે પણ ટ્રીમીંગ કરવામાં આવી રહયુ છે. નગરના મુખ્ય માર્ગો પર વૃક્ષોની આડશ બનતી ડાળીઓ દુર કરાયા બાદ સેકટરોના આંતરિક માર્ગો પર પણ ટ્રીમીંગનુ કામ હાથ ધરાશે. લાંબા સમયથી સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોની નમી પડેલી ડાળીઓ રાહદારીઓ માટે આડશ બની હોવાનો આક્રોશ સેવાઈ રહયો છે. ત્યારે સેકટરોના આંતરિક માર્ગો પર સ્ટ્રીટ લાઈટના થાંભલાને આડશ બનતા વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીંગ થાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

સુત્રોના જણાવ્યા મુજબ મુખ્ય માર્ગો પર ટ્રીમીંગનુ કામ પુર્ણ કરાયા બાદ સેકટરોના આંતરિક માર્ગો પર ટ્રીમીંગની કામગીરી પુર્ણ કરી દેવાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

### અદલ પલાંઠી... ● ૪ પાનાનું ચાલુ...

બાપનો આંસુઓ દ્વારા પ્રેમ છલકાય છે.

પિતાની ફરજ માત્ર સંતાનને જન્મ આપવાની જ નથી પરંતુ તેને ધ્યેય નકકી કરી આપવાની પણ છે. ધ્યેય સુધી પહોંચવામાં વાતાવરણ પૂરું પાડવાની પણ છે. ફિલ્મનો એક સંવાદ જેમાં ગીતાની બહેનપણી ગીતાને કહે છે કે મુઝે પૈદા કિયા ઔર અબ શાદી કરવા દી. કરો ચૂલા ચૌકા. મુજસે અચ્છી તો તુ હૈ, તેરે પાપા તેરે બારે મેં સોચતે તો હૈ? આ સંવાદ પ્રેક્ષકોની તાળીઓ ઉઘરાવી જાય છે. પ્રિતમનું અદ્ભૂત સંગીત. ફાઈટ વખતે બેકગ્રાઉન્ડ મ્યુઝીક પ્રેક્ષકોને ચાનક ચઢાવવામાં સૂપેરે ઉત્તીર્ણ થયું છે.

સલામ ટુ આમીરખાન.... સલામ ટુ..નિતેશ તવારી અને ઓલ ધ ટીમ ઓફ દંગલ...

મિસરી

''ગેમ કો જીતને સે પહેલે ઉસકે ડર કો જીત લો''

('દંગલ' નો એક સંવાદ)

santoshdevkar03@gmail.com

### ગાંભાજી ઠાકોરનું અવસાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વ. ગાભાજી ઠાકોર સ્વ. મુખ્યમંત્રી ઘનશ્યામભાઈ ઓઝા સામે દહેગામ વિધાનસભાની પેટા ચૂંટણી લડ્યા હતા અને ૫૦૦થી પણ ઓછા મતે પરાજય પામ્યા હતા.

૧૯૬૫માં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં પણ કાઉન્સીલર તરીકે તેમણે સેવાઓ આપી હતી. કપડવંજ સંસદીય મત વિસ્તારનું તેમણે લોકસભામાં પ્રતિનિધિત્વ કર્યું હતું.

અત્યંત મિલનસાર સ્વભાવ ધરાવતા સ્વ. ગાભાજી ઠાકોર સંગઠક તરીકે વધુ જાણીતા હતા. તેઓ ત્રણ વખત દહેગામનું વિધાનસભા પ્રતિનિધિત્વ કરી ચુક્યા છે.

સહકારી ક્ષેત્રમાં પણ તેમનું પ્રદાન આગવુ રહ્યુ હતુ. ૨૮ વર્ષ સુધી તેઓ ખેતીબેંકના ડિરેક્ટર તરીકે ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.